# ઇમોશન્સ

**એ** સાંજે ગુજરાતના પાટનગર ગાંધીનગરના ટાઉનહૉલની હરિયાળી લૉન,
સાંજના ઢળતા સૂર્યના પ્રકાશથી જ વધુ લીલીછમ્મ લાગતી હતી એવું નહોતું...
...ખરેખર તો એક લીલાછમ્મ વ્યક્તિત્વની હાજરીમાત્રથી
તૃણથી વૃક્ષ સુધી જાણે આખુંય ઉપવન હિલોળે ચઢ્યું'તું!

લગભગ સપ્રમાણ શરીર... સફેદ પાયજામા પર ઝીણી ચેક્સવાળો ગ્રે કલરનો ઝભ્ભો...
ખભા પર ફિટ થવા જ સર્જાયેલો હોય એવો થેલો અને એમનાં ઉદાસ ચશ્માં...

કૅમેરા મંડાણો'તો એક એવી શખ્સિયત પર...
જેની પાણીદાર આંખો કૅમેરાના લેન્સને અને લેન્સમૅનને આરપાર ઘાયલ કરી રહી હતી.
અને વૃક્ષને અઢેલીને ઊભાં ઊભાં એ કશુંક ગણગણી રહ્યા હતા.

*'મારી અભણ આંખને ભણવા મેલી તોય ઠોઠની ઠોઠ,*
*સપનાનું દફ્તર ને એમાં વણઝારાની પોઠ!'*

એમનો અવાજ છેક ફેફસાંમાંથી આવતો હતો. એ અવાજમાં પાઇપની તમાકુની જેવું કંઈક માદક હતું.
એક નમકીન ખુશ્કી! બીડી જલાવવાની એમની અલગ જ અદા હતી.
એ સ્મિત કરતા, પણ એ સ્મિતમાં ક્યાંક વેદનાની આછી કસક સાંભળી શકાતી હતી, સતત!

એમના વ્યક્તિત્વમાં એક ખુલ્લાપણું હતું ને છતાં ક્યાંક કશુંક ખાનગી... સાવ અંગત પણ હતું.
આશરે સાડા પાંચ ફૂટની ઊંચાઈનો એ શખ્સ જાણે સાડા પાંચ લાખ માળવાનો ધણી હોય
એવો રઈસી મિજાજ ધરાવતો હતો. કદાચ 'કવિતા'નો મિજાજ હતો એ...

એના છ અક્ષરના નામની આરપાર નીકળી ગયેલો એ 'બાવન બારો' કવિ એટલે રમેશ પારેખ!

કવિતા એને માટે આરાધના હતી, અને આબોદાના પણ!
શબ્દને એક ઉષ્ણતામાન આપ્યું રમેશ પારેખે.
આવા શબ્દશિલ્પી 'ર.પા.'ની કવિતા અને મારા કૅમેરા વચ્ચેનો સંબંધ હજુ તો માંડ બંધાયો'તો
અને એક દિવસ સાવ અચાનક 'અદૃશ્ય' થઈ ગયા...

શેષ રહી ફક્ત તસવીરો... એ તસવીરો, જે ઍટ લીસ્ટ 'ર.પા.'નું વાતાવરણ ઊભું કરી આપતી હતી.
એ તસવીરો, જેમાં 'ર.પા.'ની 'ચશ્માં વગરની આંખો',

એમની ભાષામાં - 'મારી નગ્ન આંખો' આજીવન કોતરાઈ ગઈ હતી...
એમને ભારે વિસ્મય હતું – એમના ચશ્માં વગરના ચહેરાનું...
પોતાની જ કોરી આંખોની ભીનાશમાં ખોવાઈ જતા 'ર.પા.'ને મેં સાવ નજીકથી જોયા છે...

'આ તો મારી અંદર બેઠેલા રમેશ જેવા જ લાગે છે, હોં!' – ર.પા. ઉવાચ.

હૅન્રી ડેવિડ થોરોનું વિધાન હતું કે, 'હજી સુધી હું એવા મનુષ્યને મળ્યો નથી, જે ખરેખર જાગી ગયો હોય...
એવા મનુષ્યની આંખમાં આંખ પરોવી શકું – એ શક્ય ખરું?'

'ર.પા.' સાથેના અલ્પથી અતિ સુધી વિકસી રહેલા સંબંધમાં સતત એક જ ફીલિંગ હતી તે એ જ કે,
એની આંખમાં આંખ પરોવવી ખૂબ મુશ્કેલ હતી... અને જો આંખ પરોવાઈ તો ખલ્લાસ!
એ અતલ ઊંડાણમાંથી નીકળવું અસંભવ!
એ સંદર્ભે – 'આ કવિ કાંઈક ભાળી ગયો છે' – એવા મોરારિબાપુના વિધાન સાથે સંમત થવું જ પડે!

વહાલથી 'ર.પા.' તરીકે પોંખાતા આ છ અક્ષરના નામ – રમેશ પારેખે ભાષા અને લય પાસે કયું, કેવું અને કેટલું કામ લીધું છે તેનો વિચાર કરીએ તોય હાંફી જવાય.

આજથી વર્ષો પહેલાં 1967ના કોઈ એક બુધવારે રાત્રે અમદાવાદમાં 'કુમાર' કાર્યાલય ખાતે યોજાયેલી બુધસભામાં ઉપસ્થિત કવિઓ સ્વ. બચુભાઈ રાવતના મુખેથી એક નવોદિત કવિની કાવ્યરચના સાંભળીને ડોલી રહ્યા હતા.

*હુંય તે મૂઈ, ક્યારથી છાનો, એય મારાથી બોલકો સૂડો પાળું?*
*ઝાડ લીલું કુંજાર ઘટાટોપ ડાળીએ બેઠો કેમ રે સૂડો ભાળું?*

આ ગીત 'કુમાર'ના ફેબ્રુઆરી, 1968ના અંકમાં પ્રસિદ્ધ થયું.
અને પછી તો સર્જકતાથી ફાટફાટ થતો આ કવિ વૈવિધ્ય અને વૈપુલ્યના પૂર પેઠે ગુજરાતી કવિતા પર ત્રાટકે છે. અને પૂરનો સ્વભાવ છે ડુબાડવાનો... કશાયને પણ તાણી જવાનો.

માત્ર ત્રણ વર્ષના ટૂંકા સમયગાળામાં 'ર.પા.' ગુજરાતી કાવ્યપ્રેમીઓ પર છવાઈ ગયા, અને છેક ત્યારથી શરૂ થયેલી 'ર.પા.'ની કવિતાયાત્રાને કોઈ પૂર્ણવિરામની સાડાબારી ન રહી. બંધ હોઠમાં સોળ વરસની કન્યા આળસ મરડે એવી અને એટલી જ ઉંમરની કવિતા 'ર.પા.' આજીવન જાળવી શક્યા.

'ઇમોશન્સ' એ 'સોનલ' નામનો લીલોછમ પ્રદેશ છે!
જેના પાને પાને 'ર.પા.'ની કવિતા વાચક પર 'ખુલ્લી તલવાર'ની જેમ જનોઈવઢ ઘા કરશે.

કોણ છે આ સોનલ? ક્યાં છે? - એવું થાય છેને? એની સાથે આપણને શું નિસબત?

સુ.દ.નું અર્થઘટન કહે છે કે, એ તો 'ગયા જનમનો ડૂમો' પણ હોઈ શકે...
કે પરબીડિયામાં પડી રહેલો, નહીં વંચાયેલો પત્ર હોઈ શકે કે સંબંધ પછીની સ્મૃતિ કે વિસ્મૃતિનું વલખું પણ હોઈ શકે. જે હોય તે. ઇમોશન્સ એ કાલ્પનિક વાસ્તવિકતા છે અથવા વાસ્તવિક કલ્પના છે!
અને આ સોનલ આપણા આ જનમની અભિવ્યક્તિ છે તો આવતા જનમનું આશ્વાસન છે. શબ્દો વાવીને જેણે કવિતા ઉગાડી છે, એવી ગુજરાતી કવિતાજગતની એક દંતકથા, પાનખર વિનાનું સદાબહાર વાસ્તવિક નામ રમેશ પારેખ એટલે શબ્દકોશમાં સીમાડા ઓળંગી ગયેલો બારાખડી બહારનો કવિ.

'ર.પા.'ની એક કેફિયત નોંધવા જેવી છે, 'કશાય દિવ્ય અનુભવનો તો મારો દાવો જ નથી. દાવો છે, તો – ઝાંખા પરંતુ સાચા અનુભવનો. કારણ કે આંસુ આવ્યાં છે. તરફડ્યો છું કોઈ કારણ વિના, એકલો એકલો...'

ઋગ્વેદના શબ્દો કહે છે : 'अवृके क्षेषयन्तः'
નિષ્કપટ મનુષ્યના હૃદયમાં (પ્રભુ) વસે છે.

'ર.પા.' એક હૃદયનું નામ છે!

આ પુસ્તકને સમૃદ્ધ કરવામાં મૂર્ધન્ય સાહિત્યકારો અનિલ જોશી તથા રજનીકુમાર પંડ્યાનો અમૂલ્ય સહકાર સાંપડ્યો. ૨૦૨૨/૨૩ દરમ્યાન બન્ને મહાનુભાવો સાથે નિયમિત વાતો થતી રહી જેના કારણે રમેશ પારેખ વિશેની ઘણી અજાણી પણ રસપ્રદ બાબતો ઉજાગર થઈ, જે એમના લેખોમાં તેમણે સુપેરે વર્ણવી છે. આજે શબ્દસ્થ થઈ ચૂકેલી બંન્ને વિભૂતિઓને આ ક્ષણે ભીના હૃદયે સ્મરું છું. આ ઉપરાંત અમરેલીના કવિશ્રી પ્રણવ પંડ્યાનો ફાળો અપ્રતિમ છે. રમેશ પારેખ લિખિત અને હાલ લગભગ અપ્રાપ્ય બનેલો વાર્તાસંગ્રહ પ્રણવે ઉપલબ્ધ કરી આપ્યો એટલું જ નહીં, એ સિવાય એમની કૉલમો તથા હસ્તલિખિત પ્રતો મેળવી આપી. મુંબઈના મિત્ર સિંધુ મહેતાએ રમેશ પારેખના લાખેણા સન્માન સમયની અલભ્ય તસવીરો મોકલી આપી. તો ઠેઠ અમેરિકાથી ગીની માલવિયાએ વર્ષ ૨૦૦૬ના કવિતાસૃષ્ટિના અંકો પૂરા પાડ્યા. અમદાવાદના મિત્ર કવિશ્રી ભાવેશ ભટ્ટે પુસ્તકની ડમી જોઈ ઉપયોગી સૂચનો કર્યાં. અને રસીલાબહેન તથા નીરજ પારેખ, જેમણે અત્યંત આત્મીય ભાવથી સંમતિ આપી, આ પ્રકાશન માટે. આ પુસ્તકની વૈવિધ્યપૂર્ણ સામગ્રી માટે આ તમામ મિત્રોનો ઋણી રહીશ.

એમના વિશે બધાએ બધું જ કહ્યું છે અને લાગે છે કે બધું નથી કહી શકાયું! એ શક્ય પણ નથી, કારણ કે 'ર.પા.' 'ગઈકાલની સાંજ' જેટલા પાસે છે અને આવતીકાલની સવાર જેટલા દૂર પણ નથી ગયા!

વાવાઝોડું પી ગયેલા કવિ રમેશ પારેખના નિતાંત મૌનનાં મખમલી ક્લોઝઅપ્સ એટલે 'ઇમોશન્સ'!



www.sanjayvaidya.in





# હસ્તાક્ષર

મને ખુશબૂની જેટલું તું વ્હાલ કર!

નીકળ્યો 'તો પાંચમી દિશાને અડકવા
એ હાથ મારો ખોવાયો ધૂળમાં
દરિયાની જેમ મને કાંઠે ના ફેંક,
મારાં મૂળને તું રોપ તારાં મૂળમાં

તારા ઉત્સવમાં ઊડતો ગુલાલ કર!
મને ખુશબૂની જેટલું તું વ્હાલ કર!

સાચું છું જેટલું હું ખોવાયા હાથને
એટલી સાચું છું તને, સોનાં!
તું ને મારો હાથ બેઉ નક્કી કરો કે,
મારી આંખનાં આ ઝળઝળિયાં કોનાં?

મને ફૂલોની જેમ ના સવાલ કર!
મને ખુશબૂની જેટલું તું વ્હાલ કર!

૧.૭.૮૯/શનિ

રમેશ પારેખ

